# ઇંગ્લૅન્ડ ફરી પાકિસ્તાની સ્પિનર્સની જાળમાં ફસાયું

## ત્રીજી ટેસ્ટમાં કુલ ૧૩માંથી ૧૨ વિકેટ નોમાન અને સાજિદે લીધી

રાવલપિંડી: મુલતાનમાં ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટમાં તમામ ૨૦ વિકેટ લઈને બે સ્પિનર નોમાન અલી અને સાજિદ ખાને પાકિસ્તાનને વિજય અપાવીને સિરીઝ ૧-૧ની બરાબરીમાં લાવી આપી ત્યાર પછી હવે રાવલપિંડીમાં પણ નોમાન અને સાજિદ બેન સ્ટૉક્સની ટીમને ભારે પડી રહ્યા છે. હજી તો માંડ બે દિવસની રમત થઈ છે અને એમાં પોણા ભાગની મૅચ રમાઈ ચૂકી છે. સાજિદ ખાને મૅચમાં કુલ સાત વિકેટ અને નોમાને પાંચ વિકેટ લીધી છે. શુક્રવારની બીજા દિવસની રમતને અંતે ઇંગ્લૅન્ડે બીજા દાવમાં ૨૪ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. પાકિસ્તાને ૭૭ રનની જે લીડ લીધી હતી એ ઉતારવા માટે બ્રિટિશ ટીમે હજી બીજા ૫૩ રન બનાવવાના છે.

પહેલા દાવમાં ઇંગ્લૅન્ડના ૨૬૭ રનના જવાબમાં પાકિસ્તાને સાઉદ શકીલના ૧૩૪ રનની મદદથી ૩૪૪ રન બનાવ્યા હતા અને ૭૭ રનની સરસાઈ લીધી હતી.

ઇંગ્લૅન્ડે બીજા દાવમાં શુક્રવારે ઝૅક ક્રૉવ્લી, બેન ડકેટ અને ઑલી પૉપની વિકેટ ગુમાવી દીધી હતી. જૉ રૂટ પાંચ રને અને હૅરી બ્રૂક ત્રણ રને રમી રહ્યો હતો. ઇંગ્લૅન્ડને રૂટ-બ્રૂકની જોડી પરાજયથી બચાવશે તો એ ઇંગ્લૅન્ડની બહુ મોટી ઉપલબ્ધિ કહેવાશે. ■

## આજથી મુંબઈ-ત્રિપુરાની રણજી મૅચ

અગરતલા: અહીં આજે ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ અને ત્રિપુરા વચ્ચે રણજી ટ્રોફીની લીગ મૅચ (સવારે ૮.૪૫ વાગ્યાથી) શરૂ થશે. ચાર દિવસની આ મૅચ માટેની મુંબઈની ટીમનું સુકાન અજિંક્ય રહાણે અને ત્રિપુરાનું સુકાન મનદીપ સિંહ સંભાળશે. મુંબઈએ આ અઠવાડિયે મહારાષ્ટ્રને હરાવી દીધું હતું, જ્યારે ત્રિપુરાનો મેઘાલય સામે એક દાવ અને ૧૭ રનથી વિજય થયો હતો. ત્રિપુરાની ટીમમાં જાણીતા ખેલાડીઓમાં તેજસ્વી જયસ્વાલ, જીવનજોત સિંહ, શ્રીદમ પૉલ, મણિશંકર મુરાસિંહ, રાણા દત્તા, પરવેઝ સુલતાનનો સમાવેશ છે. ■

# ન્યૂ ઝીલૅન્ડને ભારતમાં પહેલી વાર ટેસ્ટ-શ્રેણી જીતવાનો મોકો

## ભારત માત્ર બે વાર ૧૦૦-પ્લસની લીડ ઉતારીને જીત્યું છેઃ પુણેમાં ચમત્કાર જ ભારતને વિજય અપાવશે



**૧૪ રન માટે સદી ચૂકી ૧૪મી ચૂક્યો:** કિવી કૅપ્ટન ટૉમ લેથમે ૮૬મા રને વિકેટ ગુમાવી હતી. તે પોણાબે વર્ષથી સેન્ચુરી નથી ફટકારી શક્યો.




**સત્તે પે સત્તા:** અશ્વિને ગુરુવારે સાત વિકેટ લીધી તો શુક્રવારે કિવી સ્પિનર મિચલ સૅન્ટનરે પણ સાત શિકાર કર્યા હતા. (પીટીઆઇ)

પુણે: ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટમાં મેઘરાજાના વિઘ્ન બાદ કિવીઓએ ભારતને પ્રથમ દિવસ વરસાદને લીધે ધોવાઈ ગયા બાદ બાકીના ચાર દિવસના રોમાંચક મુકાબલામાં હરાવી દીધું, પરંતુ અહીં પુણેમાં મહારાષ્ટ્ર ક્રિકેટ ઍસોસિયેશનના ગ્રાઉન્ડ પર મૅચના પહેલા ત્રણ-ચાર દિવસમાં જ પરિણામ આવી જવાની સંભાવના છે. આ મુકાબલામાં કિવીઓના વિજયની વધુ સંભાવના છે અને જો તેઓ જીતશે તો ભારતની ધરતી ઉપર ૬૯ વર્ષના બન્ને દેશ વચ્ચેના ટેસ્ટ-ઇતિહાસમાં તેમણે પહેલી જ વખત ટેસ્ટ-શ્રેણી જીતી કહેવાશે.

ન્યૂ ઝીલૅન્ડ પોતાને ત્યાં ભારત સામે છ ટેસ્ટ-શ્રેણી જીત્યું છે, પરંતુ ભારતમાં (૬૯ વર્ષમાં) કુલ ૧૨ ટેસ્ટ-સિરીઝ રમવા છતાં ક્યારેય તેઓ ટ્રોફી જીતી નથી શક્યા.

પુણેમાં શુક્રવારે ભારતે પ્રથમ દાવમાં લંચ-બ્રેક સુધીમાં ફક્ત ૧૦૭ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી.

શુક્રવારની બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ન્યૂ ઝીલૅન્ડનો બીજા દાવનો સ્કોર પાંચ વિકેટે ૧૯૮ રન હતો. પ્રથમ દાવની ૧૦૩ રનની સરસાઈ ઉમેરતાં ન્યૂ ઝીલૅન્ડના ૩૦૧ રન હતા. જો ભારતને ૪૦૦ની આસપાસનો ટાર્ગેટ અપાશે તો ટર્નિંગ પિચ પર એ મેળવવો ભારતીય ટીમ માટે મુશ્કેલ બની શકે. જોકે કોઈ ચમત્કારિક પર્ફોર્મન્સ જ હવે ભારતને વિજય અપાવી શકે એમ છે.

ભારત માત્ર બે વખત ૧૦૦-પ્લસની લીડ ઉતારીને જીત્યું છે. ૧૯૭૬માં પોર્ટ ઑફ સ્પેનમાં વેસ્ટ ઇન્ડિઝે પહેલા દાવમાં ૧૩૧ રનની લીડ લીધી હોવા છતાં પછીથી ભારતે ૪૦૩ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો અને એ વિશ્વવિક્રમ ઘણા વર્ષો સુધી અતૂટ રહ્યો હતો.

૨૦૦૧માં કોલકાતામાં રમાયેલી ટેસ્ટમાં ભારતે ઐતિહાસિક પર્ફોર્મ કર્યું હતું. ઑસ્ટ્રેલિયાએ ૨૭૪ રનની સરસાઈ લીધા પછી ભારતે બીજા દાવમાં વીવીએસ લક્ષ્મણના ૨૮૧ રન તથા દ્રવિડના ૧૮૦ રનની મદદથી ૬૫૭/૭ ડિક્લેર્ડના સ્કોર સાથે કાંગારૂઓને ૩૮૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો અને ભારતે તેમને ૨૧૨ રનમાં આઉટ કરીને ૧૭૧ રનથી યાદગાર વિજય મેળવ્યો હતો.

# ક્રિકેટર જેમાઇમાના પપ્પાએ ધર્મ પરિવર્તનવાળો આક્ષેપ નકાર્યો

## ખાર જિમખાનાએ મહિલા ખેલાડીને સલાહ આપી કે ‘અમે આપેલી સગવડો માત્ર તારા માટે જ હતી’



મુંબઈ: ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી જેમાઇમા રૉડ્રિગ્સના પિતા ઇવાન રૉડ્રિગ્સે પ્રતિષ્ઠિત ખાર જિમખાનામાં પોતાની પુત્રીની મેમ્બરશિપનો ઉપયોગ કરીને પોતે ધર્મ પરિવર્તનને લગતી મીટિંગ્સ રાખી હોવાના આક્ષેપો નકાર્યા છે અને દાવો કર્યો છે કે તેમણે જિમખાનાની કાર્ય પદ્ધતિનું સંપૂર્ણપણે પાલન કરીને માત્ર સ્મરણાંજલિને લગતી સભાઓ જ યોજી હતી.

ખાર જિમખાનાએ તાજેતરની વાર્ષિક સામાન્ય સભામાં જેમાઇમાનું માનદ સભ્યપદ રદ કરી નાખ્યું હતું. આ સ્ટાર ક્રિકેટરને જે કેટલાક વિશેષ લાભો આપવામાં આવ્યા છે એનો તેના પિતાએ કથિત દુરુપયોગ કર્યો હોવાની ફરિયાદ જિમખાનાના કેટલાક મેમ્બર્સે કરી હતી. ઇવાન રૉડ્રિગ્સે વધુમાં કહ્યું હતું કે ‘એપ્રિલ ૨૦૨૩ પછીના લગભગ એક વર્ષ દરમ્યાન અમે કેટલીક વખત જિમખાનાના નિયમો અનુસાર જ જિમખાનાની સવલતોનો લાભ લીધો હતો અને એ બાબતમાં હોદ્દેદારો પૂરી રીતે વાકેફ છે.’

પીટીઆઇના અહેવાલ મુજબ ઇવાન રૉડ્રિગ્સનું એવું પણ કહેવું છે કે ‘સ્મરણાંજલિ માટેની સભાઓ તમામ લોકો માટે ખુલ્લી હતી અને એ સભાઓ કોઈ પણ રીતે ધર્માંતરણને લગતી સભા નહોતી જ. મીડિયાના કેટલાક આર્ટિકલ્સમાં અમારા વિશે ખોટું જણાવવામાં આવ્યું છે. અમને જ્યારે આવી પ્રેયર મીટિંગ્સ રાખવાનું બંધ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે અમે એ આદેશનું પાલન કરીને તાબડતોબ એ સભા યોજવાનું બંધ કરી દીધું હતું.’

૨૪ વર્ષની જેમાઇમા રૉડ્રિગ્સ ભારતની સ્ટાર મહિલા ક્રિકેટર છે.

ખાર જિમખાનાના મૅનેજિંગ કમિટી મેમ્બર શિવ મલ્હોત્રાએ પીટીઆઇને જણાવ્યું હતું કે ‘જેમાઇમાની ક્રિકેટર તરીકે જે પ્રતિભા છે એ બદલ અમને તેના પર માન છે. જોકે તેના પિતા બાબતમાં જે કંઈ બની ગયું એ નહોતું બનવું જોઈતું. જેમાઇમા પર અમને બધાને ગર્વ છે અને ભવિષ્ય માટે તેને શુભેચ્છા આપીએ છીએ.

આશા રાખીએ કે તે ભારત વતી વધુ સિદ્ધિઓ મેળવશે. તેણે એ ધ્યાન રાખવું જોઈએ કે તે ક્રિકેટને લગતી સગવડો માણી શકે ખાસ એ હેતુથી જ તેને જિમખાનાની મેમ્બરશિપ આપવામાં આવી હતી અને એ સગવડો તેના માટે છે, નહીં કે તેના પિતા માટે.’ ■

# ઑસ્ટ્રેલિયા સામે ટેસ્ટ-શ્રેણી અને સાઉથ આફ્રિકા સામે ટી-૨૦ સિરીઝ: બન્ને માટેની ભારતીય ટીમ જાહેર કરાઈ

## ઑસ્ટ્રેલિયામાં ભારતની વૉર્મ-અપ મૅચ ઇન્ડિયા ‘એ’ સામે રમાશે

મુંબઈ: આગામી બાવીસમી નવેમ્બરે ઑસ્ટ્રેલિયામાં શરૂ થનારી પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝ માટેની ભારતીય ટીમની ગઈ કાલે જાહેરાત કરવામાં આવી હતી. એ પહેલાં, આઠમી નવેમ્બરથી સાઉથ આફ્રિકામાં રમાનારી ચાર મૅચની ટી-૨૦ શ્રેણી માટેની ભારતીય ટીમ પણ જાહેર કરાઈ હતી.

મોહમ્મદ શમી હજી પૂરો ફિટ ન હોવાથી ટેસ્ટ ટીમમાં તેને નથી સમાવાયો, જ્યારે કુલદીપ યાદવ સાથળ નજીકના ભાગમાં દુખાવો હોવાને કારણે આ ટૂર માટે ઉપલબ્ધ નથી. રોહિત શર્મા અંગત કારણસર પહેલી બેમાંથી એક ટેસ્ટ નથી રમવાનો ભારતની ટૂરનો આરંભ ૧૫-૧૭ નવેમ્બરની પર્થ ખાતેની ઇન્ડિયા ‘એ’ સામેની વૉર્મ-મૅચથી થશે.

**ઑસ્ટ્રેલિયા પ્રવાસ માટેની ભારતની ટેસ્ટ ટીમ:** રોહિત શર્મા (કૅપ્ટન), જસપ્રીત બુમરાહ (વાઇસ-કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, અભિમન્યુ ઈશ્વરન, શુભમન ગિલ, વિરાટ કોહલી, કેએલ રાહુલ, રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), સરફરાઝ ખાન, આર. અશ્વિન, રવીન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, આકાશ દીપ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, નીતિશ કુમાર રેડ્ડી અને વૉશિંગ્ટન સુંદર.

**સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ શ્રેણી માટેની ટીમ:** સૂર્યકુમાર (કૅપ્ટન), અભિષેક શર્મા, સૅમસન (વિકેટકીપર), રિન્કુ, તિલક, જિતેશ (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, અક્ષર, રમણદીપ, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, અર્શદીપ, વૈશાક, આવેશ ખાન અને યશ દયાલ. ■




**નખરા બંધ કરો અને જિતાડી આપો:** પુણેમાં શુક્રવારે વિરાટ કોહલી મજાકમસ્તીના મૂડમાં હતો. તે પહેલા દાવમાં એક જ રનમાં આઉટ થઈ ગયો હતો. હવે બીજી ઇનિંગ્સમાં તેની ખરી કસોટી થશે.

# પુજારા-રહાણેને ટીમમાં પાછા લાવો...ક્રિકેટપ્રેમીઓની જોરદાર ડિમાન્ડ

## એક ક્રિકેટલવર એક્સ પર લખે છે, ‘ટેસ્ટની વાત આવે ત્યારે પુજારા અને રહાણેની તોલે કોઈ ન આવે’





પુણે: અહીં ભારતીય બૅટિંગ લાઇન-અપનો બીજા દાવમાં પણ ધબડકો થશે તો ન્યૂ ઝીલૅન્ડને ભારતની ધરતી પર ઐતિહાસિક સિરીઝ-વિજય હાંસલ થઈ જશે અને ટેસ્ટના વર્લ્ડ કપ માટેની ફાઇનલમાં પહોંચવાની ભારતની આશાને બહુ મોટો ઝટકો લાગશે. એક તો ભારતીય ટીમ બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં માત્ર ૪૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ અને ત્યાર પછી બોલર્સનો (ખાસ કરીને સ્પિનર્સનો) પર્ફોર્મન્સ જબરદસ્ત રહ્યો હોવા છતાં બૅટર્સ સતત નિષ્ફળ જઈ રહ્યા છે. આ સ્થિતિમાં ભારત-તરફી કરોડો ક્રિકેટપ્રેમીઓ બૅટિંગમાં ચમત્કારની આશા રાખીને બેઠા હશે. કેટલાક ક્રિકેટલવર્સની તો ડિમાન્ડ છે કે ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણેને ટેસ્ટ ટીમમાં પાછા લાવવા જોઈએ. એક ક્રિકેટપ્રેમી એક્સ (ટ્વિટર) પર લખે છે, ‘ટેસ્ટની વાત આવે ત્યારે પુજારા અને રહાણેની તોલે કોઈ ન આવે.’

પુજારા અને રહાણેને એક વર્ષ કરતાં પણ વધુ સમયથી ભારત વતી નથી રમવા મળ્યું. ભારતીય ટીમમાં મોટા ભાગે યુવાન ખેલાડીઓનો સમાવેશ કરાતો રહ્યો છે, પરંતુ આ બે અનુભવી બૅટર્સની અવગણના થતી રહી છે.

૨૦૧૨-’૧૩ પછી ઘરઆંગણે ટેસ્ટ ટીમનું જે વર્ચસ્વ રહ્યું છે એમાં પુજારા અને રહાણેના મોટા યોગદાનો છે. ખાસ કરીને ઑસ્ટ્રેલિયામાં જે ટ્વિન ટેસ્ટ-સિરીઝ (૨૦૧૯માં અને ૨૦૨૧માં) રમાઈ એમાં પુજારા-રહાણેના પર્ફોર્મન્સ બહુ જ સારા હતા. જોકે તેઓ આંતરરાષ્ટ્રીય ફલક પર સતતપણે નથી રહી શક્યા એટલે તેમને ડોમેસ્ટિક (ફર્સ્ટ-ક્લાસ) ક્રિકેટમાંના સારા દેખાવ છતાં ટીમ ઇન્ડિયામાં ફરી સ્થાન નથી અપાતું. રહાણેના સુકાનમાં રણજી ટ્રોફીની ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ મુંબઈએ નવી રણજી સીઝનમાં જીતવાનું શરૂ કરી દીધું છે, જ્યારે પુજારા અઢળક રન કરી રહ્યો છે. તેણે તાજેતરમાં જ એક રણજી મૅચમાં ડબલ સેન્ચુરી ફટકારી હતી.

ઇંગ્લૅન્ડની કાઉન્ટી-ક્રિકેટમાં પણ ઝળકી ચૂકેલા પુજારાનો ઑસ્ટ્રેલિયામાં સારો રેકૉર્ડ છે.

યાદ છેને, રહાણેના સુકાનમાં જ ભારતે ઑસ્ટ્રેલિયામાં ઐતિહાસિક ટેસ્ટ-વિજય મેળવ્યો હતો. ટેસ્ટમાં રહાણેની ૩૮.૪૬ની અને પુજારાની ૪૩.૬૦ની બૅટિંગ-સરેરાશ જોતાં તેમના ચાહકોની ડિમાન્ડ છે કે ઑસ્ટ્રેલિયામાં આ બન્ને બૅટરને રમાડવા જ જોઈએ.

કેટલાક ક્રિકેટપ્રેમીઓએ રહાણે-પુજારાને ટીમમાં કમબૅકની તક આપવાની ડિમાન્ડ કરી છે ત્યારે બીજા કેટલાક નેટિઝન્સનું કંઈક આવું કહેવું છે...

(૧) એક ક્રિકેટપ્રેમી એક્સ (ટ્વિટર) પર લખે છે કે ‘રોહિત શર્માએ સમજવું જોઈએ કે વિરાટને ડ્રૉપ કરવાનો સમય આવી ગયો છે. કોહલી અત્યારે ટીમ પર બોજ બની ગયો છે તેમ જ તેને કારણે રોહિતની કૅપ્ટન્સી ઝાંખી પણ પડી રહી છે. પુણે ટેસ્ટમાં કેએલ રાહુલને બદલે કોહલીને ડ્રૉપ કરવાની જરૂર હતી. કોહલીએ હવે માત્ર વન-ડેમાં જ રમવું જોઈએ અને વન-ડેની ૨૦૨૫ની ચૅમ્પિયન્સ ટ્રોફી પછી વન-ડેમાંથી પણ તેને ડ્રૉપ કરવો જોઈએ. તેનું સ્થાન લઈ શકે એવા ઘણા બૅટર આપણી પાસે છે જેમ કે જયસ્વાલ, ઋતુરાજ. કોહલી હિટિંગના અને ઝડપથી રન બનાવવાના નવા ટ્રેન્ડમાં ફિટ બેસતો નથી.’

(૨) પ્રતીક મિશ્રા નામના ક્રિકેટચાહકે લખ્યું છે, ‘મને લાગે છે કે ભારતના હાથમાંથી ન્યૂ ઝીલૅન્ડ સામેની સિરીઝની ટ્રોફી હવે ગઈ જ સમજો. બૉર્ડર ગાવસકર ટ્રોફી (બીજીટી) માટે રહાણે અને પુજારા, બન્નેને તૈયાર રહેવાનું કહી દો.’

(૩) નવીન બાલાજી નામનો ક્રિકેટલવર લખે છે, ‘ટેસ્ટની વાત આવે ત્યારે પુજારા અને રહાણેની તોલે કોઈ ન આવે.’ ■

# અરે!...કોહલી અને સાઉધી વચ્ચે આ હાથચાલાકી શેની છે ભાઈ?




પુણે: વિરાટ કોહલી અને ન્યૂ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલિંગ-ઑલરાઉન્ડર ટિમ સાઉધી. આ બન્ને પીઢ ક્રિકેટર એકમેકને દોઢ દાયકાથી ઓળખે છે અને બન્ને વચ્ચે બહુ સારી દોસ્તી છે. ૨૦૦૮માં આઇપીએલ શરૂ થઈ ત્યારથી ભારતીય ખેલાડીઓ સાથે તમામ દેશોના પ્લેયર્સની દોસ્તી મજબૂત થઈ છે અને એમાં પણ ટિમ સાઉધી રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) વતી રમ્યો છે એટલે કોહલી સાથે તેની ભાઇબંધી તો હોવાની જ. ગુરુવારે પુણેમાં કોહલી અને ટિમ સાઉધી વચ્ચે ‘હળવી હાથચાલાકી’ થઈ એનો એક વીડિયો વાયરલ થયો છે. જોકે એમાં સત્ય શું છે એ જાણતાં પહેલાં આપણે સાઉધીના આઇપીએલ-ટચ વિશે થોડું વધુ જાણી લઈએ.

આઇપીએલમાં કોહલી ભલે માત્ર આરસીબી વતી રમ્યો છે, પરંતુ ટિમ સાઉધીએ મેદાન પર મુંબઈ ઇન્ડિયન્સ, ચેન્નઈ સુપર કિંગ્સ, કોલકાતા નાઇટ રાઇડર્સ તથા રાજસ્થાન રૉયલ્સનું પણ પ્રતિનિધિત્વ કર્યું છે.

પુણેમાં બન્યું એવું કે ગુરુવારે બીજી ટેસ્ટના પ્રારંભિક દિવસે ભારતીય ખેલાડીઓ ડ્રેસિંગ-રૂમમાં પાછા આવી રહ્યા હતા અને કિવી ખેલાડીઓ હળવી કસરત અને પ્રૅક્ટિસ માટે મેદાન તરફ જઈ રહ્યા હતા ત્યારે કોહલીનો રસ્તામાં ટિમ સાઉધી સાથે ભેટો થઈ ગયો. બન્ને એકમેકની સામે આવ્યા ત્યારે દોસ્તીમાં એકબીજાના હાથ પકડી લીધા અને સાઉધી તેને મજાકમાં મારવા જતો હતો ત્યાં કોહલી ઝડપથી ત્યાંથી હસતો-હસતો જતો રહ્યો હતો અને સાઉધીના વધુ ‘ઓચિંતા આક્રમણ’થી બચી ગયો હતો. કોહલીને ખબર હતી જ કે સાઉધી સામે આવશે એટલે મજાકમસ્તી કર્યા વિના નહીં રહે એટલે તેણે જાણે પહેલેથી જ તેનાથી બચવાની મનોમન તૈયારી કરી લીધી હતી. ■

# વિરાટ કોહલીને નચાવી રહ્યા છે સ્પિનર્સ

## છેલ્લી ૨૬માંથી ૨૧ ઈનિંગ્સમાં સ્પિનરનો શિકાર થયો

પુણે: વિરાટ કોહલી પુણેની બીજી ટેસ્ટમાં પહેલા દાવમાં સદંતર ફ્લૉપ ગયો. તે માત્ર એક રન બનાવીને આઉટ થઈ ગયો. ભારતીય ટીમનો દાવ માત્ર ૧૫૬ રનમાં સમેટાઈ ગયો ન્યૂ ઝીલૅન્ડે ૧૦૩ રનની સરસાઈ લીધી. ફરી કોહલીની વાત પર આવીએ તો તે પાછો સ્પિનરની જાળમાં ફસાયો અને વિકેટ ગુમાવી બેઠો.

એક તરફ ભારતના સ્પિનર્સ કિવી બૅટર્સને ભારે પડી રહ્યા છે ત્યાં બીજી બાજુ કોહલી કિવી સ્પિનરનો શિકાર થતો જાય છે. ભારતના પ્રથમ દાવમાં સાત વિકેટ લેનાર લેફ્ટ-આર્મ સ્પિનર મિચલ સૅન્ટનરના ફુલ ટૉસને કોહલી સમજી ન શક્યો અને અક્રોસ ધ લાઇન રમવાના પ્રયાસમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો.

કોહલીને એશિયાની પિચો પર ખૂબ કઠિન પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૨૧થી અત્યાર સુધીનો તેનો ટેસ્ટ-રેકૉર્ડ જોઈએ તો સ્પિન સામે તેનો પર્ફોર્મન્સ ખૂબ ખરાબ રહ્યો છે. ૨૦૨૧ની સાલથી અત્યાર સુધીમાં તે ૨૧ વખત સ્પિનરના બૉલમાં વિકેટ ગુમાવી બેઠો છે. છેલ્લા થોડા વર્ષોમાં સ્પિન સામે કોહલી ખરાબ રમ્યો છે. તે બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટમાં પણ આવું રમ્યો હતો. બીજા દાવમાં ૭૦ રન પર હતો ત્યારે ઑફ-સ્પિનર ગ્લેન ફિલિપ્સે તેનો શિકાર કરી લીધો હતો.

કોહલીને સૌથી વધુ મુશ્કેલી લેફ્ટ-આર્મ ઑર્થોડૉક્સ બોલિંગ સામે રમવામાં થાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં તે ૨૬માંથી ૨૧ ઇનિંગ્સમાં સ્પિનરને વિકેટ આપી બેઠો છે. એમાં ૧૦ વખત લેફ્ટ-આર્મ ઑર્થોડૉક્સે તેને આઉટ કર્યો છે. એવા બોલર સામે કોહલીની બૅટિંગ-ઍવરેજ ફક્ત ૨૭.૧૦ની છે.

ટી-૨૦ વર્લ્ડ કપની ૭૬ રનની ફાઇનલ-વિનિંગ ઇનિંગ્સ બાદ કોહલીની ૧૦ ઇનિંગ્સના સ્કોર આ મુજબ રહ્યા છે: ૨૪, ૧૪, ૨૦, ૬, ૧૭, ૪૭, ૨૯*, ૦, ૭૦ અને ૧.

ઉલ્લેખનીય છે કે ટેસ્ટ-ક્રિકેટમાં કોહલી સૌથી વધુ જે ત્રણ બોલરની બોલિંગમાં આઉટ થયો છે એમાંથી બે સ્પિનર છે: જેમ્સ ઍન્ડરસન સામે સાત વખત આઉટ, નૅથન લાયન સામે સાત વખત આઉટ, મોઇન અલી સામે છ વખત આઉટ. ■



**કોહલીએ બોલર સૅન્ટનરને આશ્ચર્યચકિત કર્યો:** શુક્રવારે પુણેમાં કોહલીને ક્લીન બોલ્ડ કર્યો એ વિશે પછીથી ખુદ સ્પિનર મિચલ સૅન્ટનરે પત્રકારોને કહ્યું કે ‘કોહલી મારા ફુલ-ટૉસમાં ક્લીન બોલ્ડ થયો એ જોઈને મને ખુદને નવાઈ લાગી.’ (પીટીઆઇ)